ખેડબ્રહ્મામાં ગરીબ લાભાર્થીઓ બીપીએલ કાર્ડથી વંચિત

ખેડબ્રહ્મા, તા. ૧૫

ખેડબ્રહ્મા તાલુકામાં સરકારી અધિકારી અને કર્મચારીઓની મીલી ભગતને લીધે લાખ્ખોની મિલકત ધરાવતા લોકો બીપીએલ કાર્ડ ધરાવે છે. જ્યારે ખરેખર જરૂરીયાત લાભાર્થીઓ પાસે તમામ પુરાવા હોવા છતાં આજદિન સુધી બીપીએલ કાર્ડ ન મળતા લોકોમાં ભારે રોષ જોવા મળ્યો છે.

ખેડબ્રહ્મા તાલુકામાં સંખ્યાબંધ ગામોમાં ખેતીની જમીનો ધરાવતા ખેડૂતો અને તમામ સુખ સુવિધા ધરાવતા લોકો ગ્રામજનો બીપીએલ કાર્ડ લઈ બેસી ગયા છે અને સરકારી યોજનાઓ અને રાહતોનો લાભ લઈ સરકારને ચુનો લગાવી સરકારને આર્થિક નુકશાન પહોંચાડી રહ્યા છે. જ્યારે બીજી બાજુ જરૂરીયાતમંદ અને સાચા અર્થના લાભાર્થીઓ હજુ પણ બીપીએલ કાર્ડથી વંચિત છે અને તાલુકાની મામલતદાર કચેરીના અનેક કર્મચારીઓની મીલીભગતને લીધે આ પ્રકારની વૃત્તિમાં વધારો થવા પામ્યો છે તેવી ફરિયાદો ગ્રામજનો ઉઠાવી રહ્યા છે. અને તંત્ર દ્વારા આવા કાર્ડ ધારકોની તપાસ કરવામાં આવે તેમજ બોગસ કાર્ડ ધારકો સામે ફોજદારી કાર્યવાહી કરવામાં આવે તેવી ઉગ્ર માંગ ઉઠવા પામી છે.

ભિલોડામાં સુમ-સામ ભાસતા બજારો આજે ફરી ચેતનવંતા બન્યા

ભિલોડા,તા.૧૬

સાબરકાંઠા અને અરવલ્લી જીલ્લા સહિત ભિલોડામાં ધંધા-રોજગાર લાભપાંચમના શુભમુર્હતમાં આજથી ભરી ધમધમતા થયા હતા.ભિલોડા અને શામળાજીમાં સુમ-સામ ભાસતા બજારો આજે ફરીથી ચેતનવંતા બન્યા હતા.વેપારીઓ,ઉદ્યોગપતીઓ દિવાળી વેકેશન મનાવ્યા બાદ આજે લાભપાંચમના શુભમુર્હતમાં ધંધા-રોજગારનો રાબેતા મુજબ શુભારંભ કર્યો હતો.વેપારીઓએ દુકાનોમાં હાર-તોરા નવિન વેપારના શ્રીગણેશ કર્યા હતા.

લાભપાંચમના શુભમુર્હુતમાં વેપારીઓએ દુકાનો રાબેતા મુજબ ખોલી હતી.સુમસામ ભાસતા બજારોમાં ફરીથી ચમક જોવા મળી હતી.ભિલોડા અને શામળાજીના બજારોમાં ધંધા-રોજગાર પુનઃધમધમતા થયા હતા.

ઉંધી લિપિમાં લખવાની અનોખી કલા ધરાવતી મોડાસાની મહિલા



મોડાસા, તા. ૧૫

મોડાસાની પંચજયોત સોસાયટીમાં રહેતા પ્રીતિબેન શાહે ગૃહિણી તરીકે ઘર કામ સંભાળતા આ મહિલાને બચપનથી જ ગુજરાતી ભાષાને ઉલટી રીતે લખવાનો શોખ જાગ્યો હતો. ધીમે ધીમે તેમાં પક્કડ આવતી ગઈ. આજે પરિણામ એ આવ્યું છે કે આ મહિલા ચાર ભાષાઓને ઉલટી રીતે લખી શકે છે. ગુજરાતી હિન્દી અંગ્રેજી અને સૌથી અઘરી સંસ્કૃત ભાષાને પણ ઉલટી રીતે લખી શકે છે.

મોડાસાની પ્રીતિબેન શાહ ધોરણ પાંચમાં અભ્યાસ કરતા હતા ત્યારથી જ ઉલટી ભાષામાં લખવાનો શોખ ધરાવતા હતા. પ્રીતિબેન ગુજરાતી હિન્દી અંગ્રેજી અને સૌથી કઠીન ભાષા સંસ્કૃતમાં પણ ઉલટી ભાષામાં લખે છે. અને આ ઉલટુ લખવાની કળાને તે ભગવાન તરફથી મળેલી ગોડ ગીફ્ટ માને છે. સાથે જ એક જ મિનિટમાં તમામ ભાષાઓના ૨૩ શબ્દો લખવાની સ્પીડ પણ છે અને આ લખાણ તમે અરીસામાં જુવો તો સીધુ દેખાય છે. એટલે આ એક અનોખી કળા છે.

અરવલ્લી જિલ્લાના મોડાસામાં રહેતી આ મહિલા ઉલટી ભાષા લખવામાં એવો હાથ બેસી ગયો છે કે તે એક જ મિનિટમાં ૨૩ શબ્દો લખી શકે છે. નાનપણમાં માત્ર ઉલટુ લખવાનો શોખ હતો પરંતુ એક દિવસ આ કળા બની જશે તેવો વિચાર સુદ્ધા કર્યો પણ હતો. ભગવત ગીતા મને ભીજવે ટુ નવલકથા સહિતના પુસ્તકો આ મહિલાએ અવળી લીપીમાં લખી નાખ્યા છે. હવે સૌથી મોટો ગ્રંથ મહાભારત ઉલટી ભાષામાં લખવાનું શરૂ કર્યું છે અને પ્રીતિબેન દ્વારા આવનાર દિવસોમાં ગીનીજ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડમાં સ્થાન મળે તેવા પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે અને આ મોડાસાનું એક ગૌરવ છે.

અરવલ્લી-સાબરકાંઠામાં લાભ પાંચમના શુભમુહૂર્તમાં ધંધા-રોજગાર ધમધમ્યા

મોડાસા, તા. ૧૬

અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લાઓમાં રોશનીનું પર્વે દિવાળી અને નૂતન વર્ષની ઉંમગભેર ઉજવણી કરાઈ હતી. દિવાળીના દિવસે બન્ને જિલ્લાના વેપારીઓએ અને દુકાનદારોએ ચોપડા પૂજન કરી પાંચમ સુધી બંધ રાખવામાં આવી હતી. દિવાળી વેકેશનના માહોલના કારણે જાણે જનજીવન થંભી ગયું હોય તેવો સૂમસામ બજારોમાં અને રહેણાંક સોસાયટીઓમાં માહોલ જોવા મળ્યો હતો. સોમવારે દિવાળીના દિવસે ચોપડા પૂજન કરી વસતી કરેલી પોતાની પેઢી, દુકાનો અને ધંધા રોજગારની સ્થળોએ લાભપાંચમનું મુહૂર્ત કરી ધંધા રોજગારની શરૂઆત કરતા બન્ને જિલ્લાઓ અને મોડાસા શહેરમાં જનજીવન રાબેતામુજબ પૂર્વરત થતા ધબકતુ જોવા મળ્યું હતું.

અરવલ્લી-સાબરકાંઠા જિલ્લામાં દિવાળી પર્વેમાં પાંચ દિવસનું મિની વેકેશન પૂર્ણ થતા જ જિલ્લાના બજારો અને માર્ગો પર લોકોની ભારે ભીડ જોવા મળતી હતી. વેપારીઓ અને પેઢીના માલિકો આગામી માસમાં આવતી લગ્નસરાની મોસમમાં જોતરાઈ જવાની તૈયારીઓ મુહૂર્તના દિવસથી આરંભી દિધી હતી. બન્ને જિલ્લાના પ્રજાજનો બજારો ખુલતા જ મોટી સંખ્યામાં જીવનજરૂરીયાત ચીજવસ્તુઓ ખરીદી કરવા ઉમટી પડ્યા હતા. સોમવારે લાભપાંચમના દિવસે શુભ મુહૂર્તમાં વેપારીઓ અને દુકાનદારો દિવાળી પર્વેના મીની વેકેશનની સુસ્તી ઉડાડીને પોતાના ધંધા રોજગાર અને આમ જનતા નોકરી તેમજ સંસ્થામાં પ્રવેશ કરી નવા વર્ષમાં પોતાનું આવનારૂ વર્ષ ખુબજ સફળ નીવડે તેવી પ્રાર્થના સાથે શુભારંભ કર્યો હતો. લાભ પાંચમના શુભ મુહૂર્તમાં આ દિવસનું હિન્દુ સંસ્કૃતિ પરંપરા મુજબ ખુબજ મહત્વ ધરાવતુ હોવાથી બન્ને જિલ્લાના વેપારીઓ સુભ ચોઘડીયામાં ધંધા-રોજગારનો શુભારંભ કરી પોતાની વ્યસ્તતા ભરી જીંદગીમાં પૂર્વરત થઈ ગયા હતા. અરવલ્લી-સાબરકાંઠા જિલ્લાના બજારો અને શહેરો જાણે તાજગી અનુભવતા હોય તેવા દેશ્યો તાદેશ્ય થતા હતા.

દિપાવલી પર્વ એટલે અંધકાર તરફથી ઉજાસ તરફ જવાનુ પર્વ, વિકાસ અને સમૃદ્ધિ તરફ પ્રગતિ કરવાનું પર્વ, આ પર્વે દરેક વ્યવસાયિકો પોતાના વેપાર-ધંધામાં પ્રગતિ થતી રહે તે માટે નૂતન વર્ષે શારદાપૂજન કરી નવા ચોપડાનું મુહૂર્ત કરે છે. ચિલોડામાં પણ વેપારી મિત્રોએ વિધિ પૂજા-સામગ્રી સાથે ઘીનો દીવો પ્રગટાવી ગામના શાસ્ત્રીજી પાસે શાસ્ત્રોક્ત વિધિ અનુસાર પૂજન કરી નવા વર્ષના હિસાબોનો શુભારંભ કર્યો હતો.

પોળોમાં સતલાસણાના પ્રવાસીની કાર સળગી

હિંમતનગર, તા. ૧૬

વિજયનગર તાલુકાના પોળોના જંગલમાં રવિવારે પ્રવાસે આવેલા સતલાસણાના પ્રવાસીની કાર રસ્તાની પડખે પાર્ક કરી હતી અને પ્રવાસી પરિવાર મંદિરે દર્શન કરવા ગયો હતો. જે સમયે અચાનક જ કારમાં આગ લાગતા દોડધામ મચી ગઈ હતી. જોકે પરિવાર કાર બહાર હોઈ કોઈ જાનહાનિ થઈ ન હતી.

આ અંગે પોળોમાં આવેલા પ્રવાસી તિર્થલભાઈ તથા વિજયનગર પોલીસ મથકના પી.એસ.ઓ. કાન્તીભાઈ હોથાના જણાવ્યા અનુસાર મહેસાણા જિલ્લાના સતલાસણા ગામના ગિરીશભાઈ અંબાલાલ શાહ પોતાની કાર નં. જીજે.૨૩.એએમ.૪૭૬૧માં પોતાના પરિવાર સાથે રવિવારે સવારે ૧૦થી ૧૧ વાગ્યાના સુમારે વિજયનગર તાલુકાના પોળોના જંગલોમાં આવેલા મંદિરોના દર્શને આવ્યા હતા. પરિવાર પોતાની કારને રસ્તાની પડખે પાર્ક કરી જંગલમાં ગયા હતા. જે સમયે કારમાં અચાનક જ આગ લાગતા પ્રવાસીઓમાં દોડધામ મચી ગઈ હતી અને હાજર હોમગાર્ડઝ જવાન તથા પ્રવાસીઓએ તાત્કાલિક પાણીનો મારો ચલાવી આગ હોલવવાની કોશિષ કરી હતી. આમ અચાનક જ બનેલા આ બનાવે પ્રવાસે આવેલા અન્ય પ્રવાસીઓમાં ભયનો માહોલ સર્જ્યો હતો. સદનસીબે કારમાં કોઈ બેઠેલુ ન હોઈ કોઈ જાનહાનિ થઈ ન હતી. પરંતુ કારને નુકશાન થતાં ગિરીશભાઈ શાહે વિજયનગર પોલીસમથકમાં કારમાં આગ લાગવા અંગે જાણ કરતા પોલીસે ઘટનાસ્થળે આવી આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

ખેડબ્રહ્મા કોંગ્રેસના ગઢમાં ગાબડુ ૧૫૦ કાર્યકરો ભાજપમાં જોડાયા

ખેડબ્રહ્મા, તા. ૧૬

ખેડબ્રહ્માના નવી મેત્રોલ ખાતે આવેલી શુલમ કોટન જીનમાં સોમવારે ખેડબ્રહ્મા શહેર-તાલુકો તથા પોશીના તાલુકાનું ભાજપના દિપાવલી સ્નેહ મિલન સમારંભ યોજાયો હતો. આ સમારંભમાં તાલુકા-જિલ્લા પંચાયતના ઉમેદવારો તથા ભાજપના કાર્યકરો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

આ સ્નેહ-મિલન સમારંભની શરૂઆતમાં જિલ્લા મહામંત્રી જશુભાઈ પટેલે તાલુકા જિલ્લા પંચાયતના ઉમેદવારોનો પરિચય કરાવી સૌનું સ્વાગત કર્યું હતું. કેન્દ્રિય મંત્રી હરીભાઈ ચૌધરીની ઉપસ્થિતિમાં પોશીના તાલુકાની નાડા પંચાયતના સરપંચ રૂમાલભાઈ ધ્રાંગી સહીત ૧૫૦ કરતાં વધુ કોંગ્રેસી કાર્યકરો ભાજપમાં જોડાતા હરીભાઈ ચૌધરીએ ખેસ પહેરાવી તેમનું સ્વાગત કર્યુંહતુ. કાર્યકરોને સંબોધતા કેન્દ્રિય મંત્રી હરીભાઈ ચૌધરીએ ઉત્તર ગુજરાતમાં ૭૦ ટકા બેઠકો સાથે ભાજપનો ભવ્ય વિજય થવાનો દાવો કર્યો હતો. મંત્રીએ પાટીદારોનું નામ લીધા વગર જણાવ્યું હતું કે માહોલ જોઈ કોંગ્રેસના મોઢામાં પાણી આવ્યું છે અને નવા વર્ષમાં તમામ બેઠકો જીતવા કાર્યકરોને કામે લાગી જવાનો સંકલ્પ લેવડાવ્યો હતો. સ્નેહમીલન સમારંભમાં ભાજપમાં જોડાયેલા નાડા સરપંચ રૂમાલભાઈ ધ્રાંગીએ જણાવ્યું હતું કે કોંગ્રેસમાં નાના કાર્યકરોને અન્યાય થતો હતો અને આગળ વધવા દેવામાં આવતા ન હતા અને ધારાસભ્યના વર્તનના કારણે ૧૫૦ કરતા વધુ કાર્યકરો સાથે ભાજપમાં જોડાઈ રહ્યા છે.

લિંભોઈ ગામે જલારામ જન્મ જયંતિનું આયોજન

મોડાસા, તા. ૧૬

મોડાસા તાલુકાના લીંભોઈ ગામના શ્રી વાડીનાથ હનુમાનજી પંચદેવમ એવમ શ્રી શનિદેવ મંદિર દ્વારા સંવત ૨૦૨૭ કારતક સુદ-૭ને બુધવારે ૧૮ નવેમ્બરના રોજ શ્રી જલારામ બાપાની જન્મજયંતિની ભવ્ય ઉજવણી કરવામાં આવશે.

મંદિરના ટ્રસ્ટી ઈશ્વરકાકા ત્રિવેદીના જણાવ્યા અનુસાર જલારામ જયંતિના દિવસે મંદિરમાં જલારામ બાપાના પૂજા અર્ચના, રામધૂન, છપ્પનભોગ અને શ્રી સાધ્યાય મહિલા મંડળ દ્વારા બપોરે અને શ્રી રામદેવપીર ભજન મંડળી લીંભોઈના સદસ્યો દ્વારા રાત્રે ભજન કિર્તન યોજાશે. તો સમગ્ર જિલ્લાના ભક્તજનોએ શ્રી જલારામબાપાની જન્મજયંતિની ઉજવણીમાં સહભાગી થવા જણાવ્યું હતું.

લિંભોઈ ગામે પતિએ પત્નીની ખોટી સહી કરી પોલીસીના રૂપિયા ઉપાડી લેતા પોલીસ ફરિયાદ

મોડાસા, તા. ૧૬

મોડાસા તાલુકાના લિંભોઈ ગામના અને ઈટાડી પ્રાથમિક શાળામાં શિક્ષિકા તરીકે ફરજ બજાવતા જસ્મીબેન રજનીભાઈ પટેલના લગ્ન બાર વર્ષ અગાઉ કિશોરપુરા ગામના દિક્ષિતકુમાર પોપટલાલ પટેલ સાથે થયા હતા. દામ્પત્ય જીવન દરમ્યાન તેમને સંતાન રૂપે એક દિકરાનો પણ જન્મ થયો હતો. પરંતુ થોડા સમય બાદ કોઈ કારણોસર જસ્મીબેનને પોતાના પતિએ ઘરમાંથી કાઢી મુકતા તેઓ પોતાના પિતાને ઘરે રહેતા હતા. જસ્મીબેન અંદાજે એક વર્ષ પહેલા કોર્ટમાં છુટાછેડાનો કેસ દાખલ કર્યો હતો. પોતાના લગ્નજીવન દરમ્યાન આ શિક્ષિકાએ પોતાના પગારમાંથી પતિ-પત્નીના સંયુક્ત નામે એલઆઈસી પોલીસી બાલુસિંહ ફતેસિંહ પરમાર (રહે. કરોલી, તા. ધનસુરા) જોડેથી લીધી હતી. પરંતુ પાકતી મુદતે શિક્ષિકાએ પોલીસીની તપાસ કરતા તેમના પતિ દિક્ષિતકુમાર પોપટલાલ પટેલે સરેન્ડર ફોર્મમાં મહિલાની ખોટી સહી કરી એજન્ટ અને સાક્ષી રમેશભાઈ ધુળાભાઈ પટેલના મીલીભગતથી પતિ દિક્ષિતે ૧૧૮૩૭ રૂપપિયા ઉપાડી પોતાના અંગત કામમાં વાપરી નાખ્યા હતા. કોર્ટમાં છુટાછેડાનો કેસ ચાલતો હોવા છતાં પત્નીની જાણ બહાર પૈસા ઉપાડી લેતા મહિલાએ પતિ સામે ફરિયાદ નોંધાવી હતી.

હિંમતનગરમાં પટણી સુન્ની જમાતનો સમૂહ લગ્નોત્સવ યોજાયો

હિંમતનગર, તા. ૧૬

પટણી સુન્ની જમાત કૌમે બવાહીર, હિંમતનગર દ્વારા ૭૩મા સમૂહ લગ્નોત્સવનું સુંદર આયોજન મદ્રેસા હાઈસ્કૂલ કેમ્પસમાં કરવામાં આવ્યું હતું.

આ સમૂહલગ્નમાં કુલ ૪૬ જોડાઓએ સમૂહમાં નિકાહના બંધનથી જોડાયા. આ સમૂહલગ્નમાં અજમેર શરીફ દરગાહના દિવાન હઝરત જૈનુલ આબેદીન ગાદીનશીન ગરીબનવાઝ, પીરઝાદા સૈયદ અયાઝઉદ્દીન ચિશ્તી સજ્જાદા નશીન ખ્વાજા ચિશ્તી ફતેપુર સિક્રી, સૈયદ જીયાઉદ્દીન ચિશ્તી આમેતા શરીફ (અંકલેશ્વર), જનાબ અરશદ સાહબ જર્નાલીસ્ટ, દિલ્હી) રીયાજઉદ્દીન શેખ જયપુર (કોંગ્રેસ પ્રવક્તા, રાજસ્થાન), ડૉ. નિતિન જૈનશ એપોલો હોસ્પિટલ, શાહીદ પરવેઝ, ચીફ માર્કેટીંગ મેનેજર, એપોલો હોસ્પિટલ, એમ.એમ. કાદરી ચીફ એન્જીનીયર, ઓ.એન.જી.સી., ભારતના પ્રથમ હૃદય અને ફેફસાના સ્પેશ્યાલીસ્ટ ડૉ. ઝાકીર આખુનજી (ઓસ્ટ્રેલીયા સ્થિત) તથા ગામ પરગામના મહેમાનો, સમાજના આગેવાનો મોટી સંખ્યામાં હાજરી આપી દુલ્હા-દુલ્હીનોને આશીર્વાદ આપ્યા હતા.

આ સમારોહનું આયોજન કન્વીનર ખલીલએહમદ ડોઈ, સેક્રેટરી ઈત્મીયાઝ લાલા, પ્રમુખ મો. ઈકબાલ મુતવલ્લી તથા કારાબોરી સભ્યોએ સુંદર આયોજન કર્યું હતું.

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ
કંપનીના અધિકૃત
વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૯૪૨૬૫ ૦૭૪૫૨, ૮૧૪૦૪ ૬૦૭૬૭

પ્રાંતિજ ટોલનાકા પાસે કાર અને રીક્ષા વચ્ચે અકસ્માત : એક મહિલાનું મોત

પ્રાંતિજ, તા. ૧૬

પ્રાંતિજ કતપુર ટોલનાકા પાસે કાર અને રીક્ષા ચ્ચે અકસ્માતમાં રીક્ષામાં સવાર સાતને ઈજાઓ થતાં પ્રાંતિજ સિવિલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. જ્યારે એક મહિલાને વધુ ઈજાઓ થતાં ગાંધીનગર ખાતે ખસેડવામાં આવી હતી. જ્યાં સારવાર મળે તે પહેલા મોત નિપજ્યું હતું.

મળતી માહિતી મુજબ પ્રાંતિજ નેશનલ હાઈવે આઠ ટોલનાકા પાસે હિંમતનગર તરફથી અમદાવાદ તરફ જઈ રહેલ કાર નંબર જીજે.૯.બીએ.૭૭૧૧નો ચાલક પાછળથી ફુલફાસ્ટ હંકારી લાવી આગળ જઈ રહેલ રીક્ષા નંબર જીજે.૯.એવી.૮૮૯૧ને ટક્કર મારતાં રીક્ષા રોડ ઉપર બે પલ્ટી ખાઈ જતા રીક્ષામાં મુસાફરી કરી રહેલ સાત મહિલા મુસાફરોને શરીરે ઈજાઓ થતા તેમણે નેશનલ હાઈવે ઓથોરીટીની ગાડીમાં પ્રાંતિજ ખાતે આવેલ સિવિલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા. જેમાં સંગીતાબેન ભીખાજી રાઠોડ ઉં.વ. ૨૨ કોકીલાબેન માનસીંગ રાઠોડ ઉં.વ. ૫૦, સજનબેન જેહાજી ઉં.વ. ૪૫, ગીતાબેન મેલાજી રાઠોડ, સીવીબેન ઉમેદજી રાઠોડ, દરીયાબેન ભરતભાઈ રાઠોડ ઉં.વ. ૪૦, અમતબેન કનુજી રાઠોડ આ તમામે તમામ રહે. મજરા અનેતેવોરાવણે (લોકાચાર) પરત ફરતા હતા તે સમયે અકસ્માત થતાં તેમણે સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા. જેમાં દરીયાબેન ભરતભાઈ રાઠોડ ઉં.વ. ૪૦ને વધુ સારવાર અર્થે પ્રાંતિજ સિવિલથી ગાંધીનગર ખાતે ખસેડવામાં આવ્યા હતા. જ્યાં ચિલોડા સુધી પહોંચતા સારવાર મળે તે પહેલા રસ્તામાં જ મોત નિપજ્યું હતું.

જ્યારે અકસ્માત અંગેની ફરીયાદ પ્રાંતિજ પોલીસ સ્ટેશનમાં ભરતભાઈ પ્રતાપસિંગ મકવાણા કારચાલક વિરૂદ્ધ ગુનો નોંધાવતા પ્રાંતિજ પોલીસે ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

સાબરકાંઠા જિલ્લા

પંચાયતનું ચિત્ર સ્પષ્ટ : ૮૮ ઉમેદવારો વચ્ચે ચૂંટણી જંગ

હિંમતનગર નગરપાલિકાના ૯ વોર્ડ માટે ૮૧ ઉમેદવારોએ વચ્ચે ચૂંટણી યોજાશે

હિંમતનગર, તા. ૧૬

રાજ્ય ચૂંટણીપંચ તરફથી તા. ૨૩-૧૦-૨૦૧૫થી પ્રસિદ્ધ થયેલ સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની ચૂંટણી કાર્યક્રમ અંતર્ગત આજે તા. ૧૬ નવેમ્બરના રોજ ઉમેદવારી પત્રો પરત ખેંચવાના અંતિમ દિને પ્રાંતિજ તાલુકાના એકમાત્ર દલપુર બેઠક બિન હરીફ રહી હતી.

જ્યારે જિલ્લા પંચાયતના કુલ ૩૬ બેઠક માટે ચૂંટણી યોજાનાર છે. જેમાં ભાજપ અને કોંગ્રેસના ૩૬-૩૬ ઉમેદવાર, ઉપરાંત અન્ય પક્ષના પાંચ અને ૧૧ અપક્ષ ઉમેદવાર મળી કુલ ૮૮ ઉમેદવારો વચ્ચે ચૂંટણી જંગ ખેલાશે. જ્યારે જિલ્લાની ૮ તાલુકા પંચાયતની ૧૭૨ સીટ પૈકી પ્રાંતિજ તાલુકાના એકમાત્ર દલપુર બેઠક બિન હરીફ બનતા ૧૭૧ સીટ માટે ૩૯૩ ઉમેદવાર વચ્ચે ચૂંટણી યોજાશે જ્યારે હિંમતનગર નગરપાલિકાના ૯ વોર્ડ માટે ૮૧ ઉમેદવારોએ વચ્ચે ચૂંટણી યોજાશે.

તાલુકા પંચાયતની કુલ ૧૭૨ સીટ માટે ૩૯૩ ઉમેદવાર, હિંમતનગર પાલિકાના ૯ વોર્ડના ૮૧ ઉમેદવારો ચૂંટણી લડશે